**૫ .ફો.અ.નં.૧૬૬/૨૦૨૬**

**બોટાદ ટાઉન પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૦૦૦૨૨૬૦૧૩૫/૨૦૨૬ ના કામે અરજદારની મુદ્દામાલ વાહન છોડાવવાની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૯૭ ની વચગાળાની અરજી લગત હુકમ:–**

---

અરજદારે આ કામે તેની માલિકીનુ વાહન **HERO MOTOCORP LTD** કંપનીનુ **SPLENDOR + (DRS)** મોટર સાયકલ કે જેના રજી. નં.**GJ-33-J-7935** છે, જે બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના ઉપરોકત કામે ભારતીય ન્યાય સંહિતા ની કલમ– ૨૨૧, ૩૫૨, ૫૪ મુજબના કામે અટકમાં છે તે છોડાવવા હાલની અરજી કરેલ છે. આ કામે પોલીસ સ્ટેશનથી અભિપ્રાય મંગાવતા સદર કામે મુદ્દામાલ છોડવામાં આવે તો વાંધો છે તેવો રીપોર્ટ આવેલ છે. તેમજ પંચનામુ અને મુદ્દામાલ પાવતીની ખરી નકલ રજુ રાખેલ છે, જે વંચાણે લીધી. અરજદારે વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ, ઓળખ કાર્ડની ઝેરોક્ષ, મુદ્દામાલ વાહનના વિમા અંગેના કાગળો, **HERO FINCORP LTD** ફાયનાન્સ કંપનીનુ લોન સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે. અરજદારના વિ.વ.શ્રીની દલીલો સાંભળી તથા રજુ પેપર્સ વંચાણે લીધા.

આમ, રજુ સમગ્ર દસ્તાવેજ ધ્યાને લેતા મુદ્દામાલ વાહન અરજદારના નામે હોવાનુ જણાય આવે છે. તેમજ સદર વાહન અરજદારના નામે નોંધાયેલ છે અને આ ગુન્હાના કામે કબજે કરેલ મુદ્દામાલ વાહન અરજદારના કબજા ભોગવટાનુ હોવાનુ પ્રથમ દર્શનીય જણાય છે. જેથી અરજદાર મુદ્દામાલ વાહન પરત મેળવવા હક્કદાર હોવાનુ ફલીત થાય છે. સદર વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં લાંબો સમય પડી રહે તો તેને નુકશાન થાય તેમ છે અને તે ન્યાયોચિત જણાતુ નથી. તેમજ સદર વાહન અરજદારના રોજીંદા વપરાશનુ સાધન છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા ***"સુંદરલાલ અંબાલાલ વિરુધ્ધ ગુજરાત રાજ્ય" જી.એલ.આર. ૨૦03 પાના નં.૧૩૩૭*** માં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા, મુદ્દામાલ વાહન અરજદારને વચગાળાની કસ્ટડીથી યોગ્ય જામીન લઈ પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, નીચે મુજબનો હુકમ કરુ છું.

**પ .ફો.અ.નં.૧૬૬/૨૦૨૬**

**બોટાદ ટાઉન પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૦૦૦૨૨૬૦૧૩૫/૨૦૨૬ ના કામે અરજદારની મુદ્દામાલ વાહન છોડાવવાની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૯૭ ની વચગાળાની અરજી લગત હુકમ:–**

---------------------------------------

**–:: હુકમ ::–**

* અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.

* અરજદાર **અબાસણા કિરણભાઈ મહેન્દ્રભાઈ, ઉ.વ.આ– ૨૨, રહે: બોટાદ, ઠે.હરણકુઈ, ડુંગળીના ગોડાઉન પાસે, સાળંગપુર રોડ, તા.જિ.બોટાદ**વાળાનાઓની મુદ્દામાલ વાહન **HERO MOTOCORP LTD** કંપનીનુ **SPLENDOR + (DRS)** મોટર સાયકલ કે જેના રજી.નં. **GJ-33-J-7935,** જેના ચેસીસ નં. **MBLHAW232R5H06433,** જેના એન્જીન નં. **HA11E8R5H56831** છે, તે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમના દોઢી રકમના જામીન તથા જાતજામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન અરજદાર ને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શરતો ::–**

(૧). આ અદાલત જ્યારે ફરમાવે ત્યારે અરજદારે મુદ્દામાલ કોર્ટમાં રજુ કરવો.

(૨). અરજદારે મુદ્દામાલ વાહન સદર કેસ પુર્ણ થયા સુધી કોઈને વેચાણથી, બક્ષીસથી, ગીરોથી કે ભાડેથી કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવુ, કરાવવુ નહી તથા તેના મુળ સ્વરૂપમાં ફેરફાર કરવો, કરાવો નહી.

(૩). અરજદારે ભવિષ્યમાં મુદ્દામાલ વાહન કોઈ ગુન્હાહીત કૃત્યમાં સંડોવાય નહી તેની ખાસ તકેદારી રાખવી.

(૪). તપાસ કરનાર અમલદાર ઉપરોકત તમામ રજીસ્ટર્ડ દસ્તાવેજ તથા મુદ્દામાલ વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર વેરીફાઈ કરી ત્યારબાદ અરજદારની ઓળખની ખાત્રી કરી મુદ્દામાલની સોંપણી કરવી.

**૫ .ફો.અ.નં.૧૬૬/૨૦૨૬**

**બોટાદ ટાઉન પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૦૦૦૨૨૬૦૧૩૫/૨૦૨૬ ના કામે અરજદારની મુદ્દામાલ વાહન છોડાવવાની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૯૭ ની વચગાળાની અરજી લગત હુકમ:–**

---------------------------------------------

(૫). તપાસ કરનાર અમલદારશ્રીનાઓએ મુદ્દામાલ પરત કર્યા અંગેનુ પંચનામુ તૈયાર કરવુ તથા મુદ્દામાલ વાહનના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૯૭(૪) ની જોગવાઇ મુજબ બન્ને સાઇડથી અરજદારના ખર્ચે ફોટોગ્રાફ્સ પડાવી અત્રેની અદાલતમાં રજુ રાખવા.

જામીન તથા જાત જામીન બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનને આપવા અને હુકમ સંબંધે પોલીસ સ્ટેશનને જરુરી યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ: ૨૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી, મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૩/૦૩/૨૦૨૬**

**બોટાદ.**

**(એમ.એસ.સોની)**

**ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**

**બોટાદ**

**કોડ નં. જી.જે.૦૧૨૬૨**